**पु:ना International School**

**Shree Swaminarayan Gurukul, Zundal**

| SUMMATIVE ASSESSMENT- I [2021 – 22] | | | | | |
|---|---|---|---|---|---|
| Student's Name: | | Grade | V | Roll No. | |
| Date: | | Subject | GUJARATI | | |
| Teacher's Sign. | | | | Total marks | 60 |

## [ READING SECTION] વાંચનકાર્ય

### પ્રશ્ન 1 (અ) નીચેનો ફકરો વાંચી સુંદર અક્ષરથી લખો. [5 -MARKS]

વૃક્ષો અન્યના સુખને માટે છાંયડો આપે છે. પોતે તાપમાં તપીને અને અસહ્ય ગરમી વેઠીને બીજાને પોતાનાં ફળ આપે છે. પરોપકારી મનુષ્યો એવા જ હોય છે. જો આ નાશવંત કાયાનો ઉપયોગ પરોપકારાર્થે ન થવાનો હોય તો તેની ઉપયોગિતા શી? સુખડ જેમ વધારે ઘસાય તેમ વધારે સુવાસ આપે. શેરડી જેમ વધારે પિલાય તેમ વધારે રસ આપે. સોનું જેમ વધારે તપે તેમ વધારે ચળકાટ ધારણ કરે. ઉદાર મનુષ્યો પ્રાણાન્તે પણ પોતાના સદગુણો છોડતા નથી. જે બીજાને માટે જીવતો નથી તેનું જીવન નિરર્થક છે. જીવવા ખાતર જીવવું એ તો કાગડા – કૂતરાનું જીવન. જેઓ સૃષ્ટિના કલ્યાણમાં પ્રાણ પાથરે છે તેઓ જીવન સાર્થક કરે છે.

### પ્રશ્ન 1 (બ) નીચેનો ગદ્યખંડ વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો [5 -MARKS]

1) સારા પુસ્તક જેવો કોઇ મિત્ર નથી. તે આપણને સાચું માર્ગદર્શન આપે છે. તે આપણને સારા કામો કરવાનું પ્રોત્સાહન આપે છે. સારાં પુસ્તકો આપણને સુખદુ:ખમાં સમભાવથી રહેવાનું બળ આપે છે. મહાપુરુષોનાં જીવનચરીત્રો વાંચવાથી આપણને વિપત્તિમાં પણ શાંતિ અને ધીરજ જાળવી રાખવાની પ્રેરણા મળે છે. સારાં પુસ્તકોના વાચનથી આપણામાં હિંમત, બહાદુરી, દયા, પ્રેમ, ક્ષમા વગેરે ગુણોનો વિકાસ થાય છે. સારાં પુસ્તકોના વાચનથી આપણામાં સારું – નરસું, સાચું – ખોટું પારખવાની આપણી શક્તિ ખીલે છે.

પ્રશ્નો 1) સૌથી શ્રેષ્ઠ મિત્ર કોણ છે ?

2) પુસ્તકો આપણને શેનું પ્રોત્સાહન આપે છે ?

3) મહાપુરુષોના જીવનચરિત્રો વાંચવાથી શેની પ્રેરણા મળે છે ?

4) પુસ્તકો વાંચવાથી આપણામાં કેવાં ગુણોનો વિકાસ થાય છે?

5) ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

## [WRITING SECTION ] લેખનકાર્ય

**પ્રશ્ન 2 (અ) નીચેના વિશે નિબંધ લખો. ( કોઈ પણ એક)** **[5-MARKS]**

1) મારો પરિચય     2) મારો પ્રિય મિત્ર

**પ્રશ્ન 2 (બ) નીચેના મુદ્દા પરથી વાર્તા લખો.** **[5-MARKS]**

અક્બરનો દરબાર – એકસરખા બે ફૂલ – એક સાચું, એક બનાવટી – ફૂલને સ્પર્શ કર્યા વિના દૂરથી ઓળખવાની પરીક્ષા – બધા દરબારીઓની મૂંઝવણ – બિરબલની યુક્તિ – મધમાખીને પકડી લાવવી – ઉત્તર આપવો – બાદશાહની બિરબલને શાબાશી - બોધ.

## [GRAMMAR SECTION] વ્યાકરણ

**પ્રશ્ન 3 નીચેના શબ્દોનો ઉપયોગ કરી વાક્ય બનાવો.** **[3-MARKS]**

1) મદદ

2) જંગલ

3) પંખી

**પ્રશ્ન 4 નીચેના શબ્દોમાં ખૂટતો અક્ષર કૌંસમાંથી પસંદ કરીને લખો.** **[3-MARKS]**

1) ઉં ---- ર     ( ડ, ર, દ )

2) જંગ----     ( ળ, લ, ર )

3) ક----- ડાં     (પ, ચ, ષ )

**પ્રશ્ન 5 નીચે આપેલા શબ્દોના સમાનાર્થી શબ્દો લખો.** **[4-MARKS]**

1) સૂરજ
2) દુનિયા
3) નીંદર
4) ધૂળ

**પ્રશ્ન 6 નીચેના શબ્દોના વિરુધ્ધાર્થી શબ્દો લખો.** **[2-MARKS]**

1) સુંદર X
2) મુશ્કેલ X

**પ્રશ્ન 7 નીચેના શબ્દોને શબ્દકોશ પ્રમાણે ગોઠવો.** **[2-MARKS]**

1) ગાન સાથ આધાર પંખી દુનિયા

**પ્રશ્ન 8 નીચેના દરેક શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.** **[4-MARKS]**

1) પવિત્ર ધર્મસ્થાનની શ્રધ્ધાપૂર્વક યાત્રા કરવી તે
2) ખેતરમાંથી નકામું ઘાસ ઉખેડી નાખવું
3) કોઈપણ વસ્તુ કે વ્યક્તિની આસપાસ ફરવું તે
4) સિંહની આકૃતિવાળું આસન

**પ્રશ્ન 9 કૌંસમાં આપેલા શબ્દોમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.**
**[2-MARKS]**

1) કપડાં ------------ દરમાં પેસી જાય. ( કાતળી, કાતરી)
2) બકરીનું બચ્ચું ------------ . (લવારું , બોકડું)

## [ LITRATURE SECTION ] સાહિત્ય

**પ્ર-10 નીચેના પ્રશ્નોના જવાબ એક-બે વાક્યમાં લખો.** **[10-MARKS]**

1) ઉંદરે શાંનાથી જાળ કાપી?
2) પંખી ક્યારે જાગે છે?
3) ઈશ્વર શામાં હસે છે?
4) કાર્તિકેય કોના જેવી ઝડપે દોડતા હતા?
5) નાના મોટા તારા કોની આસપાસ રમે છે?
6) સૂરજનો તડકો કઈ ઋતુમાં વધારે ગમે છે?
7) કાગડો અને કાબર શાના વડે ખેતર ખેડવા લાગ્યાં?
8) ખેતરમાં સૌથી વધુ મહેનત કોણે કરી?
9) ઉંદર મામા ક્યાં રહે છે?
10) બકરીનાં બચ્ચાને શું કહેવાય છે?

**પ્ર-11 નીચેના પ્રશ્નોના જવાબ સવિસ્તાર લખો.** **[10-MARKS]**

1) પ્રદક્ષિણામાં સોથી પહેલું કોણ આવ્યું? કેવી રીતે?
2) વીજળીનાં ચમકારા કેમ ગમે છે? ક્યારે?
3) છોડવા ક્યાં-ક્યાં જોવા મળે છે?
4) કાગડો લુહાર સાથે શા માટે ગપ્પા મારવા લાગ્યો?
5) કાગડો ક્યાં ઢગલા પર જઈને બેઠો ? તેને શું થયું?